મોડાસામાં દીપસિંહ રાઠોડનું ભવ્યાતિ ભવ્ય સ્વાગત સાથે વિજયયાત્રા

અરવલ્લી જીલ્લાના ભાજપના અગ્રણી હોદ્દેદારો કાર્યકરોએ સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડનો જંગી બહુમતી

થી ચૂંટાઈ આવતા ગુરુવારે મોડાસા શહેરમાં ડીજે સાથે વિજયસરઘસ કાઢ્યું હતું શુક્રવારે દીપસિંહ રાઠોડ અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ભાજપના કાર્યકરોનો આભાર વ્યક્ત કરવા પહોંચતા મોડાસા ચારસ્તા ખાતે મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને કર્યકારોએ ઉપસ્થિત રહી ઢોલ-નગારાના તાલે અબીલ-ગુલાલની છોળો વચ્ચે વિજય તિલક કરી પુષ્પગુચ્છ સાથે ભવ્યાતિ ભવ્ય આવકાર આપ્યો હતો અને ફરીથી એકવાર દીપસિંહ નગરજનોનો આભાર વ્યક્ત કરવા વિજય યાત્રા યોજી હતી.

દિપસિંહ રાઠોડ ૨૦૧૪ લોકસભાની ચૂંટણી માં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગજ નેતા શંકરસિંહ વાઘેલાના ભૂંડી રીતે હરાવ્યા હતા અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોર સામે પ્રચંડ જંગી ૨.૬૨ લાખની લીડ સાથે ભવ્ય વિજય પ્રાપ્ત કરતા અરવલ્લી જીલ્લા સહીત મોડાસાના ભાજપના અગ્રણી અને કાર્યકરોએ અને શહેરીજનો દ્વારા ફુલમાલા અર્પણ કરી અભિનંદન આપ્યા હતા અને મોડાસામાં વિજય રેલી યોજાયી હતી આ વિજય રેલીમાં પ્રાંતિજ ના પૂર્વ ધારાસભ્ય વી ડી ઝાલા અને સાબરકાંઠા ભાજપ ના પૂર્વ અધ્યક્ષ તખતસિંહ હડિયોલ તથા અરવલ્લી જિલ્લા ભાજપના અધ્યક્ષ રણવીરસિંહ ડાભી મહામંત્રી શામળભાઈ પટેલ,પીસી બરંડા, મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, મહિલા મોરચો અને યુવા મોરચોસહિત અરવલ્લી જિલ્લાના તાલુકા ઓ અને શહેર ભાજપ સંઘઠન ના પ્રમુખો હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા મોડાસાના હાર્દ સમાં ચાર રસ્તા મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે વહેલી સવાર થી કાર્યકરોની ભીડ જામી હતી. આ વિજય યાત્રા શહેરી વિસ્તાર થઈ જીલ્લાના અન્ય શહેરી અને ગ્રામ્ય વિસ્તરોમાં રવાના થઈ હતી આ વિજયયાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા.

મેઘરજના પંચાલ રોડ પર ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ શકુનિઓ ૯૦ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

અરવલ્લી જીલ્લામાં ધીરે ધીરે ફરીથી દેશી-વિદેશી દારૂના અડ્ડા અને જુગારની બંધ થયેલી બદીએ ફરીથી ધીરે ધીરે માથું ઉંચકી રહી છે મેઘરજ પોલીસ સ્ટેટ વિજિલન્સે દરોડા પાડી મેઘરજના નામચીન રમેશ નામના બુટલેગરના ઘરે દરોડો પાડી પકડી પડતા મેઘરજ પોલીસ અને જીલ્લા પોલીસતંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા બાદ

મેઘરજ પોલીસતંત્ર હરકતમાં આવી સતત પ્રોહિબિશન અને અસામાજિક પ્રવૃતિઓ નાથવામાં સક્રિય થતા બુટલેગરો અને જુગારીઓમાં ફફડાટ ફેલાયો છે મેઘરજ પોલીસે પંચાલ રોડ પર આવેલા સર્વિસ સ્ટેશન નજીક ખુલ્લામાં હારજીત નો ગંજીપાનો જુગાર રમતા ૫ શકુનિઓ ને ઝડપી પાડી રૂ.૯૦૩૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મેઘરજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ શર્માએ બાતમીના આધારે મેઘરજ ટાઉનમાં પંચાલ રોડ ઉપર આવેલ સર્વિસ સ્ટેશન ની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે ગંજી પાનાનો જુગાર રમતાં (૧) ફીરોજભાઇ અહેમદભાઇ શેખ રહે. ઇન્દીરાનગર (૨) શાહરુખ ઇસુફ ચૌહાણ રહે. ઇંદીરાનગર (૩) સલાઉદ્દીનભાઇ ઇકબાલભાઈ બંગા રહે. જુમામસ્જીદ પાસે (૪) રજાકભાઈ અહેમદભાઇ ચડી રહે.ઘાચીવાડા જુની મસ્જીદ પાછળ તથા (૫) સીરાજભાઈ દાઉદભાઈ બંગા રહે, ઘાચીવાડા (તમામ રહે, મેઘરજ) ને રોકડ રકમ રૂ.૨૨, ૩૬૦/- તથા મોબાઇલ નંગ:૫ કિ.રૂ.૧૮,૦૦૦/- તથા ગંજી પાનાનંગ-૫ર કિ.રૂ.૦૦/(૧)હીરો સ્પ્લેન્ડર પ્રો મોટરસાયકલ નં.GJ.09.CJ. ૩૮૨૮ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા (૨)બજાજ ડીસ્કવર મોટર સાયકલ નં.GJ.9. CD. ૨૮૭૯ કિ.રૂ.૨૦,૦૦૦/- ની મળી કૂલ મુદ્દામાલ કિ.રૂ.૯૦,૩૬૦/- સાથે ઝડપી પાડી પોલીસ રેડ જોઈ નાસી છૂટેલા ૧) સલાઉદ્દિન ઉર્ફે ડેલો ગુલુભાઇ બાકરોલીયા રહે.દરગાહની બાજુમાં જુના બજાર રોડ,)૨) ઇન્તિયાઝ સુલેમાન ડાયા રહે.નવીફળી ઘાંચીવાડા (૩) ઇરફાન ઇસ્માઇલભાઇ કાજી ઉર્ફે નન્નુ રહે.ઇન્દીરાનગર (૪) મુસ્તુભાઈ રસુલભાઇ કાજી ઉર્ફે કુલડી રહે ઇન્દીરા નગર)૫) શેહજાદ અજીતભાઇ પઠાણ રહે.ઇન્દીરા નગર (તમામ રહે,મેઘરજ) વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અપગ્રેડેશન તરફ લઈ જતુ ઈનોવેશન : ટેકનોલોજીકલ શિક્ષણ તરફનો એક પ્રયાસ

અમદાવાદ, તા. ૨૪

જ્ઞાનની ઉપલબ્ધિ એ પાયાની બાબત છે, પરંતુ યોગ્ય સાધનોની સહાયથી એમાં વૃદ્ધિ કરવી તે હવે કોઈનો વિશેષાધિકાર રહ્યો નથી. જાતે શિખવા માટેની અને ક્રિએટિવ આઈડીએશન માટેની એક વિસ્તારી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરીને ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન અને એન્ક્યુબ લેબ્ઝ ઈન્ડીયાએ તાજેતરમાં રૂરલ પ્રિમિયર લીગ (આરપીએલ) રોબોટિક્સ સીઝન ૧ નું આયોજન કર્યુ હતુ. ગ્રામ સમુદાયના સ્તરે ઓપન લીગ સ્પર્ધા બે રાઉન્ડમાં યોજવામાં આવી હતી. ઝોનલ લીગનું આયોજન તા. ૧૭ થી ૧૯ મે ૧૯ કરવામાં આવ્યું હતું.

ઝોનલ રાઉન્ડ બડોલી, વડાલી, દરામલી, દેશોતર, વેરાબલ અને ઈડર સહિતના આઠ ઝોનના ૬૦ ગામોમાં યોજવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ આદિવાસી અને ગ્રામ્ય સમુદાયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની દુનિયાના સંકુલ ક્ષેત્રમાં ક્ષેત્રે ટેકનોલોજી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. સમાવેશીતા માટે સરકારી શાળાના વિદ્યાર્થીઓ, શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓ અને કન્યાઓ ફરજીયાત સામેલ થાય તેવો આગ્રહ રાખવામાં આવ્યો હતો. વિજેતાઓને રૂ. ૫૧,૦૦૦ સુધીના ઈનામો એનાયત કરવામાં આવશે.

ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન ડૉ. કલામના ઈન્ડીયા વિઝન ૨૦૨૦ અને પ્રધાન મંત્રીનુ રૂર્બન મિશનથી પ્રભાવિત છે.

હિંમતનગર શ્રી પ્રાણનાથજી મંદિરે બાળ અને યુવા ધાર્મિક શિબિર યોજાઈ

હિંમતનગર સ્થીત શ્રી પ્રાણનાથજી મંદીરે ૧૮મી થી ૨૩ મી મે સુધી બાળ અને યુવા શીબીર યોજાઈ હતી. જેમાં મહારાજા છત્રસાલ, શ્રી પ્રાણનાથજી, તનાવમુક્ત અભ્યાસ, યોગા અને ધ્યાન, વ્યસન મુક્તી સહિત અનેક ધાર્મિકતા મુદે શિબીર યોજાઈ હતી. જેમાં મનુભાઈ એ.પટેલ તથા નરેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.) દ્વારા વિવિધ દિવસે માર્ગદર્શન આપવામાં આવેલ. વિશાળ સંખ્યામાં યુવાનો-યુવતીઓ પણ ભાગ લીધો હતો.

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપનો ભગવો પૂનઃ લહેરાયો

ભિલોડા,તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં વિક્રમજનક લીડથી મોદી વેવમાં ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડની ભવ્ય જીત થઈ હતી.મોદી મેજીક સાથે બુથ લેવલનું ભાજપનું માઈક્રો પ્લાનીંગ સફળ રહ્યું હતું. સાબરકાંઠા લોકસભાની બેઠક ઉપર ૨૦ ઉમેદવારોએ ભાવી અજમાવ્યા હતા. ૪ ધારાસભ્યો, ૨ જીલ્લા પંચાયતો અને ૧૧ તાલુકા પંચાયતો ઉપર કોંગ્રેસનો દબદબો હોવા છતાં કોંગ્રેસના ઉમેદવારને કારમો પરાજય થયો છે.ભાજપના હોદ્દેદારો, કાર્યકરોએ મોદી... મોદી..., હર હર મોદી, ઘર ઘર મોદી, મોદીનો જય જયકાર, મૈં ભી ચોકીદારના ગગનભેદી સુત્રોચ્ચાર પોકાર્યા હતા. ભાજપ ની ઐતિહાસિક જીતનો જશ્ન પ્રજાજનોએ મનાવ્યો હતો.

સાબરકાંઠા લોકસભા બેઠક ઉપર ભાજપનો ભગવો જંગી બહુમતીથી પુનઃ લહેરાતાં ભિલોડા તાલુકા મથક ખાતે ભાજપના હોદ્દેદારો, સમર્થકો, કાર્યકરો, ગ્રામજનોએ ફટાકડાની આતશબાજી કરીને વિજયોત્સવ ઉત્સાહભેર મનાવ્યો હતો. સાબરકાંઠા લોકસભા બેઠક ભાજપ

પક્ષના ઉમેદવાર દિપસિંહ રાઠોડ જંગી બહુમતીથી જીત મેળવી વિજય હાંસલ કરતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક કોંગ્રેસ પક્ષના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરનો કારમો પરાજય થયો હતો. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ગ્રામ્ય વિસ્તારોમાં વિજય સરઘસ,બાઈક રેલીઓ સ્વયંભુ નીકળી હતી. ભિલોડા ગ્રામ પંચાયત કચેરી પાસે,ભિલોડા મીની પોલીસ ચોકી પાસે ભાજપના હોદ્દેદારો, કાર્યકરો એકત્રીત થઈ ફટાકડાની આતશબાજી કરીને મીઠાઈની વહેંચણી કરાઈ હતી. ગુણવંતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, ભીખાભાઈ ભાટીયા, મુકેશભાઈ ત્રિવેદી, ગિરીશભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ મહેતા, મનિષભાઈ પટેલ, રોહિતભાઈ ત્રિવેદી, મનોજભાઈ પટેલ, બકાભાઈ ઠાકોર, કાંતીલાલ પટેલ, દયારજીભાઈ પટેલ, રણવીરસિંહ સિસોદીયા, સંકેતભાઈ ચૌધરી, હિરેનભાઈ રાવલ, ગુંજનભાઈ ચૌધરી, મેહુલભાઈ પટેલ, રવિન્દ્રભાઈ ઠાકોર, અશ્વિનભાઈ ઠાકોર, ભાજપ હોદ્દેદારો, કાર્યકરો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અબીલ, ગુલાલ, કંકુની છોળો ઉડતી હતી. ડી.જે.ના તાલે ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, નવયુવાનો ઝુમી ઉઠ્યા હતા.

ગરવી ગુજરાતમાં ઠાકોરનો વટ છે એ ગીત આવતાની સાથે જ ભાજપના કાર્યકરોએ જોરદાર જશ્ન મનાવ્યો હતો. ભાજપાના બુદ્ધીજીવી અગ્રણીઓએ જણાવ્યું હતું કે ગરવી ગુજરાત રાજ્યના સાબરકાંઠા સંસદીય મતવિસ્તારમાં ભાજપ પક્ષના દિપસિંહ રાઠોડ પુનઃ સાંસદ તરીકે ચુંટાઈ આવતાં આનંદની લાગણી પ્રસરી હતી.

સાબરકાંઠા - અરવલ્લી લોકસભાની બેઠક પર ભાજપે ભગવો લહેરાવ્યો

જીત બાદ દિપસિંહ રાઠોડે પ્રભુ તથા મતદારો તથા ભાજપ કાર્યકરોનો આભાર માન્યો

પ્રાંતિજ તા. ૨૪

સાબરકાંઠા અરવલ્લી લોકસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ ની

શાનદાર જીત થતા ભાજપ કાર્યકરો આગેવાનોમાં ખુશી જોવા મળી હતી તો ડીજે સાથે ભાજપ કાર્યકરો દ્વારા પ્રાંતિજ ખાતે વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

સાબરકાંઠા અરવલ્લી લોકસભાની બેઠક ઉપર ભાજપ ઉમેદવાર દિપસિંહ રાઠોડ ની ૨,૬૦,૦૦૦ મતો થી શાનદાર જીત થઈ હતી તો કોંગ્રેસ-ભાજપ વચ્ચે સીધી જંગ જોવા મળી હતી અને ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ ની જીત ને લઈને ભાજપના કાર્યકરો આગેવાનો સમર્થકો દ્વારા દિપસિંહ રાઠોડ ને ફુલહાર પહેરાવી જીતની ખુશી વ્યક્ત કરી હતી તો પ્રાંતિજ ત્રણ રસ્તા થી બજાર ચોક સહિત નાનીભાગોળ સુધી ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા ડીજે સાથે વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું તો ભાજપ ઉમેદવાર દિપસિંહ રાઠોડ એ બે હાથ જોડીને મતદારોનો આભાર માન્યો હતો વિજય યાત્રામાં ભાજપ આગેવાનો ભાજપ કાર્યકરો ભાજપ સમર્થકો સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા તો સાબરકાંઠા-અરવલ્લી બેઠક ઉપર ભાજપ ઉમેદવાર દિપસિંહ રાઠોડ નો ભવ્ય વિજય થયો હતો તો ભાજપે આ બેઠક જાળવી રાખી હતી તો ગુજરાતમાં પણ મોદી મેજીક ની સાથે ૨૬-૨૬ બેઠકો ઉપર ભાજપે ફરી કબજો જમાવ્યો છે.

અરવલ્લી જિલ્લા પોલીસતંત્રનો સપાટો : ૪ કારમાંથી ૩.૮૪ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો

મરણીયા બન્યા છે શામળાજી પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો પર કાયદાનો ગાળિયો કશતા બુટલેગરો અધીરા બન્યા છે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન થી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં ઈનોવા કર્મ વિદેશી ભરી આવનાર બુટલેગર પોલીસે તપાસ જોઈ ઈનોવા દોડાવી મુકતા શામળાજી પોલીસે ઈનોવા કારનો પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા આશ્રમ ચોકડી નજીક ઈનોવા કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ઘુમાવતા ઈનોવા રોડ બાજુના ખાડામાં ઉતરી જતા એક શખ્શ ભાગી છૂટ્યો હતો શામળાજી પોલીસે ઈનોવા કાર માંથી રૂ. ૧૩૧૭૦૦/- નો વિદેશી દારૂના જથ્થા સાથે રાહુલ રાજીવ મચ્છીગલ નામના બુટલેગરને ઝડપી પાડી ફરાર મનોજ (રહે,શ્રેયલ ફ્લેટ અમદાવાદ), સૂકા બાબુ ડૂડ (રહે, ડોડીસરા) અને દિપક લક્ષમણ અસોડા(રહે,ઝાંઝરી, રાજસ્થાન) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શામળાજી પોલીસે સતત ત્રીજા દિવસે બુટલેગરો દ્વારા રાજ્યમાં નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવાના તમામ કીમિયાને નિષ્ફળ બનાવતા બુટલેગરો રઘવાયા બન્યા છે રાજસ્થાન તરફથી આવતી સેન્ટ્રો કાર ને અટકાવી કારમાં તલાસી લેતા સીટની નીચે ગુપ્તખાના બનાવી સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૦ કીં.રૂ.૩૮૦૦૦ તથા સેન્ટ્રો (ગાડી.નં.ઉઁઈ ૦૬ ૭ ૪૪૭૭) કીં.રૂ.૫૦૦૦૦/- તથા મોબાઈલ નંગ-૧ કીં.રૂ.૫૦૦ મળી કુલ રૂ.૮૮૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી જસવંતસીંઘ બૈસખીરામ જેંમાર (રહે, કલસાના, હરિયાણા) ની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મોડાસા ટાઉન પોલીસે મોડાસા બાયપાસ રોડ સંગીની બંગ્લોઝ નજીક થી આઈ-૨૦ (ગાડી.નં.ઘ્ન ૧૨ ઝ૬ ૮૧૭૪) માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૫૧ કીં.રૂ.૭૫૫૦૦/- કાર અને મોબાઈલ સાથે કુલ મુદ્દામાલ રૂ.૪૨૭૫૦૦/- નો જપ્ત કરી મહમ્મદ અઝરૂદ્દીન પઠાણ (રહે,અંબર ટાવર,અલમ દો ફ્લેટ,અમદાવાદ) ની ધરપકડ કરી મદદગારી કરનાર ભિલોડાના જીતુ અને સરદાર નગર, અમદાવાદ રહેતા કિશુભાઈ ઉર્ફે કાણિયો સિંધી ના છોકરા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

વડગામ તાલુકાના પાંચડા ખાતે ભાજપનો વિજયોત્સવ મનાવ્યો

વડગામ તાલુકાના પાંચડા ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ઐતિહાસિક જીત મલતા પાંચડા બસ સ્ટેન્ડ ખાતે કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને ભાજપ અગ્રણી મુકેશભાઈ દરજી ની આગેવાની હેઠળ ફટાકડા ફોડી ગોળ ધાણા વેચી વીજયોસ્ત્વ મનાવવા માં આવ્યો હતો.આખા ગામોમાં ખુશીની લહેર પ્રસરી ઉઠી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના બનાસકાંઠા જિલ્લા મહામંત્રી અને ભાજપ અગ્રણી શ્રી મગનજી ઠાકોર, વડગામ તાલુકાના ભાજપ ના પુર્વ પ્રમુખ લક્ષ્મણભાઈ જૂઆ, ડેપ્યુટી સરપંચ શ્રી દિનેશજી ઠાકોર, રણજીતસિંહ બારડ, વાલજીભાઈ દેસાઈ, ચેલાજી ભુવાજી, ત્રીભોવનભાઈ પંચાલ, વિક્રમસિંહ બારડ, હેમરાજજી ઠાકોર, મહેન્દ્રભાઈ જોષી, બાબુભાઈ નાઈ, અશોકભાઈ નાઈ અરજણભાઈ દેસાઈ, ગિરધરભાઈ પરમાર વગેરે ભાજપા કાર્યકરો ગામલોકો ઉપસ્થિત રહયા હતા. ભાજપ અગ્રણી મુકેશભાઈ દરજીએ આ જીત હિંદુસ્થાનની એકતાની જીત ગણાવી હતી.

પ્રાંતિજ અવરઓન ઈંગ્લીંશ મીડીયમ સ્કુલનું ૯૭ ટકા પરીણામ

પ્રાંતિજ તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષા નું પરિણામ જાહેર થઈ ગયું છે જેમાં પ્રાંતિજ

ખાતે આવેલ અવર ઓન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ નું ૯૭ ટકા પરિણામ આવ્યું.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓ પૈકી અવર ઓન ઈંગ્લીંશ મીડીયમ સ્કૂલ ખાતે ચાલુ સાલે લેવાયેલ ધોરણ ૧૦ ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું તો શાળા નું ૯૭ ટકા પરિણામ આવ્યું હતું તો અવર ઓન ઈંગ્લીંશ મીડીયમ સ્કુલ માં પ્રથમ સ્થાને જીત વિષ્ણુભાઇ પટેલ ૯૯.૬૨ પર્સન્ટેજ મેળવ્યા છે તો ગણિત માં ૧૦૦ માંથી ૯૯ માર્કસ અને વિજ્ઞાન માં ૧૦૦ માંથી ૯૬ માર્કસ પ્રાપ્ત કર્યા છે તો દ્વતિય નંબરે કેયુરી શૈલેષભાઈ પટેલ ૯૮.૫૨ પર્સન્ટેજ અને તૃતિય ક્રમે જીત તરુણભાઇ ભાવસાર અને કુણાલ મહેન્દ્રસિંહ રાઠોડ ના ૯૬.૩૦ પર્સન્ટેજ સાથે બે વિધાર્થીઓ આવ્યા છે જયારે શાળા ના તમામ બાળકો પરીક્ષા માં ઉતીર્ણ થયા છે તો શાળા ના અદ્ભુત પરીણામ બદલ શાળા ના વિધાર્થીઓને તથા આ ચારેય વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં તો ચારેય વિધાર્થીઓએ પોતાના પરિવાર સમાજ શાળા નું નામ રોશન કર્યું છે તો શાળા ના મંત્રી રઈશભાઇ કરબાતી, આર્ચાય રેખા બેન ગુપ્તા તથા શાળા સ્ટાફ પરિવાર દ્વારા વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

જાહેર નોટીસ

આથી હું મનહરલાલ છબીલદાસ શેઠ રહેવાસી મોડાસા, જી. અરવલ્લી, વિકાસ અધિકારી (હ્રીદૃ.ઁકકેઙીઁ) ધી ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ, મોડાસા શાખા જાહેર કરું છું કે, મારી પાસેથી નીચે જણાવેલ મોટર વ્હીકલ વિમાની કવર નોટ નોકરીની ફરજ દરમિયાન ગુમ થયેલ છે. અને જે કેન્સલ કરેલ છે. જેને મળે તેણે કોઈપણ પ્રકારનો ઉપયોગ કરવો નહિ અને મને મો. ૯૯૨૫૦૪૦૨૨૧ ઉપર જાણ કરવી.

અ.નં.	કવર નોટ	ઈસ્યુ તા.
૦૧	૧૪૦૦૦૬૮૭૭૨૬	૧૭/૦૯/૨૦૧૩
૦૨થી	૧૪૩૧૦૩૭૧૨૬૨૬/૬૨૯/૬૩૯/૬૪૫/૬૫૦	૦૪/૦૩/૨૦૧૪
૦૭	૧૪૦૦૦૦૬૮૭૮૩૭	૧૦/૧૦/૨૦૧૩
૦૮	૧૪૩૧૦૩૭૧૨૫૬૪	૦૭/૦૨/૨૦૧૪
૦૯થી૧૨	૧૪૦૦૦૦૬૮૭૯૪૩/૯૪૪/૬૫૪/૯૬૦	૨૫/૧૧/૨૦૧૪
૧૩	૧૪૦૦૦૦૭૩૯૦૦૩	૧૭/૧૦/૨૦૧૪
૧૪	૧૪૦૦૦૦૭૩૯૦૪૯	૨૮/૧૦/૨૦૧૪
૧૫થી૧૯	૧૪૦૦૦૦૭૩૯૦૮૬ થી ૦૯૦	૦૨/૧૨/૨૦૧૪
૨૦	૧૪૩૧૦૩૭૧૨૯૩૯	૦૪/૦૮/૨૦૧૪
૨૨	૧૪૦૦૦૦૭૩૯૨૪૯	૦૨/૦૪/૨૦૧૪
૨૩	૧૪૦૦૦૦૭૮૫૦૬૭	૨૮/૧૧/૨૦૧૭
૨૪	૧૪૦૦૦૦૭૭૪૪૩૦	૧૫/૦૯/૨૦૧૭
૨૫થી૨૬	૧૪૦૦૦૦૭૭૪૪૯૩/૪૯૪	૧૩/૧૦/૨૦૧૭
૨૭	૧૪૦૦૦૦૭૮૫૦૨૪	૦૨/૧૧/૨૦૧૭

(મનહર સી. શેઠ)